આ ચોપડીનો ચોથો અંશ ધર્માદા ખાતે જશે.

શ્રી ભદ્રકાળી માતાની

સ્તુતિ.

રચનાર

એમ. એસ. લાઇટવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગાંધી ચમનલાલ લક્ષ્મીચંદ.

ઠે. ત્રણ દરવાજા બજાર લેરી પાનવાળાના સામે

અમદાવાદ.

અમદાવાદ—ખેમાસાને ચકલે ધી નટવર પ્રિન્ટીંગ પ્રેસમાં ભોગીલાલ નારણદાસ ઓડીવાળાએ છાપ્યું.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

આવૃત્તી બીજી—ઘણા સુધારા વધારા સાથે.

પ્રત ૧૦૦૦.

કીંમત રૂ. ૦-૧-૦


ભદ્રકાળી માતા

શ્રી ભદ્રકાળી માતાની

સ્તુતી.

૧

રાગ કલ્યાણી.

ભદ્રકાળી સતી અમે વંદીએ અતી,
આપને નમન કરીએ આપો સુભ મતી.
અમદાવાદમાં આપ બીરાજો ભદ્ર કીલ્લામાં આસન;
તે તણું હું વર્ણ કરૂછું, ઉલટ લાવી મન. શ્રી ભદ્રકાળી.
દુખ હરનારી માતુ મારી, હાથ જોડીને કહું,
સ્નેહ ધરીને નમન કરે છે, દાસ તમારા સહુ. શ્રી ભદ્રકાળી.
ભક્તોને મા દુખ પડે તો સુખ કરવા તઇયાર,
સરવે સેવક હાથ જોડે મા, ઉતારો ભવપાર,
રચના તો મંગળ કહેવું ભક્તીમાં તઇયાર. શ્રી ભદ્રકળી.

૨

(નીર્બળ ધનરૂ, સબળ રાજ્ય ચડીને આવે છે. રાગ)
ભદ્રકાળી માતા ગુણ અમે ગાતા, દુખ બાળકના કાપોને,
મેહેર કરીને માજી મારા, સ્હાય સદા સુખ આપોને,
નથી નથી દેવ મા, કોઇ આપની સમાન,
છો માજી ભગવાન, દીસો અતી કૃપાવાન. ભદ્રકાળી.

દાસ તારા ગુણ નીશ્ચે ગાયે, ધરે તારૂ ધ્યાન.
નમી નમી બાળક તારા પુજા કરે નીત,
સંસાર સ્વપના જેવું લાગે છે, તેને કાઢી નાંખો ખચીત,
દાસ મંગળ વીનંતી કરે છે. સુખ સેવકને આપોને,
ભદ્રકાળી માતા ગુણ અમે ગાતા.

૩

માજી ગુલાબ કેતકીના હાર, કંઠમાં આરોપસોરે,
તમારા દાસ તણી અરજી, હૃદયમાં ધારસોરે.
તાજા પુસ્પોના હાર અમો, ગુંથાવી લાવ્યા,
હેત ધરી માજી આપને પેહેરાવ્યા.
તે તમો કંઠમાં આરોપસોરે. માજી
ધ્યાનથી માજીનું વંદન કરીએ, કુમ કુમ અક્ષત કરમાં ધરીએ.
સેવા કરેથી સંકટ દાસના કાપસોરે. માજી.
પ્રેમ ધરીને અમે બાળક નમીએ; આળી મંડપમાં ઉલટ રમીએ.
પોતાનો મંગળ સેવક ગણીને, આનંદથી મા સ્થાપનોરે.
માજી ગુલાબ કેતકીના હાર.

૪

(આનો કુમ કુમના પગલે રાગ)

પુજું મા તમને તમને, રક્ષા કરો માજી અમને અમને;
સુખ શાંન્તી કરો સર્વે, આળી બાળ તમારા કરમરે,
માજી દુખ સઘળા નાંખસો ટાળી, લો દાસ તમારા સંભાળી.
આ અર્જ ધરો મા કાનુ, રાખો મા આપની સર્ણ,
દીધું તે સુખ મહાકાળી, મા બાલક બાળા અમારી,

દાસ મંગળ પાય પડે મા તમને, મા સાય કરો મા અમને
અમને. પુજુ.

૫

જય જય માહાકાળી માત ભવાની સ્હાય સદાની દાની,
ચરણું સેવું તુજ પદમા, હૃતે હૃતે મા તુજ કપા મા,
બાળક જાણી લે જે છામા, આદ્ય ઇશ્વરી અળગી થા મા.
છું હું બાળક તારો મા, જય જય.

૬

પુનગ ચાંદનીનો રાગ.

ભદ્રકાળી માને, પુજેથી દુખ ભાગસેરે,
માજી આપો તમે, સરવે વાને સુખ,
એવી જગત જનેતા, ભદ્રકાળી માત છે રે.
માજીના મંડપમા, ભજેથી દુખ કાપતારે.
રૂડી રીતે ગાવાનું મન થાયજો રે.
માટે આપો દરશન, તમે ભદ્રકાળી માતરે. એવી

સાખી.

માની ભકતી ભાવથી, કરશે જે નરનાર.
સેજે દુખજ કાપસે, પલમાં લાગે નવ વાર.
અતી ઉમંગે માજીના, ગુણ ગવાતારે.
સદા સુખ સંપતી, માજી અમને આપતારે. એવી

સાખી.

બાળક હું તુજને ભજું, નીત્ય કરજો સ્હાય
માજી ભવસાગરમા ડુબતા, ઝાલો ગરીબની બ્હાંય.

માનુ સીંહાસન રૂડું, રૂપેથી મંડ્યુંરે,
નીરખી મન થાય છે, અતી ઉલ્લાસમાંરે એવી.

સાખી.

દાસ મંગળ પ્રીતેથી નમે કરજોડી આ વાર
તુજ ભકતોને ભાવસું સાહાય સદા દેનાર
અરવે સેવકો, સદા માજીને સેવતારે. એવી.
તેથા શકલ શીના કરશી, પુરણુ કામ.
એવી જગત જનેતા, માત છે રે.

૭

સાય કરસે મોરારીરે, વારે ચરશી ગોવરધન ધારી–રામ.
સાય કરશી મા ભદ્રકાળીરે, દીન દાસો કહે છે પોકારી,
દૈતોને મારી દેવોને સુખ આપી.
આસ પુરો દયા દીલ ધારી. દીન દાસો.
કષ્ટ કાપી માજી સુખ આપી.
સ્હાય તારી, દે આ વારી, માગે દાસ પોકારી.
દીન દાસો કહે છે પોકારી.

૮

આવો આવો હમા આજે રમીએ પતંગ ઉમંગમાં

ગાવો ગાવો હમા આજે માજી તણા ગુણ ઉમંગમાં,
ગુણ ગાવો ઉમંગમાં ભજો આનંદે રસ રંગમા.
સજ્યા સોળે સણગાર, બેઠા મંડપમાં આનંદે રસ રંગમાં ગાવો.
હેતેથી પુજા થાય છે, માના દરસન કરવા મન હરખાય છે.

હાથે સાંકળાં વીસાળ; કંઠે હીરા જડીત હાર.
સુંદીર કડલાં માજીના પાય છે. ગાવો માવો.
જેમ રેચના અપાર, ગીત રૂડા ગવાય મા.
ત્યાં બાગ બગીચાની મદમદ પવન વાય છે.
માજી ગોખે બેસી પવન ખાય છે, ગાવો, માવો.
ઘણા સેવક મળી ગુણ ગાય છે, માતા સીંહાસન ચઢી હરખાય છે.
ગાવો ગાવો ત્યા.

૯

ભદરકાળી માને પુજવાનું, મન હરખાય છેરે.
અમદાવાદમાં આપ બીરાજો, ભક્તી કરવામાં મન હરખાય છે.
તારા દરસનથી ચીત મારૂ નીત્યે ચહાય છે રે.
આસો સુદ આઠમે હોમ હવન માના ત્યાં થાય છે રે.
સો દરશન કરવા માને પારે જાય છે રે. ભદરકાળી.
ચુવા ચંદન કેસર ઘોળી, ત્યાં ભાવ સહીત પુજા થાય છે રે.
સેવક નમે માજીને કરજોડી, સરવે ગુણ તમારા ગાય છે રે.
દાસ મંગળ ત્યાં આવીને કરગરે, દરસન કરવા.
ચીત ચ્હાય છેરે. ભદરકાળી.

૧૦

હારે મોરી માજીસે, લાગી લગનીયા
ઓ લગનીયા, દુઃખ ભગનીયા. હાંરે
કરો માંજી સુખ તમો સોહનીયા.
પાય પરૂમે પાઉં પકડકે,
કરો મા સ્હાય સદા આનંદીયા. હાંરે.
સેવક તેરે ધ્યાન લગાકે, કરકે મનકી સદરીયા,

દાસ મંગળ કે ધ્યાનધરૂં મે તેરા.
બરૂલા ગેરે મનકી ઉમેદીયા. હાંરે.

૧૧

મેહેતાજીરે શું મહીનું મુખ બનાવું—એ રાગ.

માતાજીરે મેહેર કરો આ વારી, કીધી સીંહપર અસવારી.
તમો વસીયારે, અમદાવાદની માંહી, કરો સેવકને સુખદાઇ.

ઝુલ.

દરસને આવે ત્યાં નરને નારીરે, માજી સરવેને આસા તમારીરે.
તેના દુખડાં નાખોછો નીવારીરે, દુઃખ હરનીરે સ્હાય કરોને.
આવારી કીધી સીંહ ઉપર અસવારી.
આજે હોમ હવન માના થાયેરે તમ દરસનથી દુખડાં જાયેરે.
દુઃખ સુખ કરો અ વારી, કીધી સીંહ પર અસવારી

ઝુલ.

માહકાળીરે, આજે સેવકને તારો હું બાળક છું તમારો.
નુજ સેવા હરનીસ કરનારોરે, સુખ કરણીરે.
દાસ મંગળ નમે આ વારી, કીધી સીંહ ઉપર અસવારી.

૧૨

આ હાર જોઇ કાંઈ કાંઇ થાય જો રાગ.

માના હવન હોમ જોવા, મન હરખાય જો.
માજીનો મંડપ રચાવું.
મારી ભદરકાળી માનો મંડપ સોવરાવું જો.
અતી આનંદે મચાવું. માના.
કમાંછો, માતુશ્રી, જગત દાતુશ્રી, દીપાવો માના,
મંડપનું ધામ જો.

આવો માતુશ્રી લ્યો તે રીઝારી કૃપાળું દયાળું,
જોડું હું હાથ તારી પાયજો, માનો મંડપ રચાવું.
અમદાવાદ આપ ભુવન મા આવી નમે. તમારા બાળજો.
સેવક સઘળા મા પાયે નમે રક્ષણ કરો સૌ દાસને જો.
માજીનું મંડપ રચાવું.

૧૩

માતા જેવો તેવો છું તારો, મને રંકને પાર ઉતારો.
સુદ્ધ મતી આ થઈ છે મારી, બચાવાની બતાવો બારી.
આ ગહન ગતી છે તારી, લ્યો દાસને-પાર ઉતારી માતા.
ગાંડો ઘેલો છું પણ તારો આ રંકને પાર ઉતારો.
મને નથી કોઈની પરવા, ગરીબો કે તવંગરોની.
જનમ્યો છું હું ભક્તી કરવા, માતાનો દીવાનો છું.
સતાવે શું કરવા હું માતાનો દીવાનો છું.
દાસ મંગળ કહે મને નથી કોની પરવા
હું માતાનો દીવાનો છું.

૧૪

બનજારો.

માજી સહાય કરો આવારી, લ્યો સેવકને ઉગારી.
હું બેઠો છુ તમારી આસે, કરો ભક્તને આજે હિલ્લાસે.
મારા સંકટ નાખો નીવારી લ્યો બાળક તારા ઉગારી.
કરો દ્રષ્ટી માજી આવારી, તારા સેવને લ્યો સંભાળી.
તેના દુઃખ નાખો નીવારી, કરો સીંહ ઉપર અસવારી.

૧૫

ગરબો.

ધરો ધ્યાન માજીનું, નરનારીઓરે.
જગે ભાવ ધરી, ઉઘડે સુખ બારીઓરે,
ધરો ધ્યાન માજીનું
આવો કોકીલ કંઠજે, ગુણ ગાઇએરે.
માના દરશન કરી, કૃતાર્થ થાઇએરે.
ધરો ધ્યાન માજીનું

સાખી.

જગત જનેતા માવડી, તારો મુજને આધાર.
વંદન કરૂં છું તુજ ચરણમાં સ્હાય સદા દેનાર,
માના પાસે હવન હોમ થાય છે રે
માડી હીર ચીર સુંદરી હોમાય છે રે
બ્રાહ્મણ વેદ ભણે ખરા પ્રેમથારે
એતો પુરણ સરગ કરસે સૌના કાજ.
ભજને આજ. દયાળી માતનેરે
ધરો ધ્યાન.

૧૬

દરશન કરવા ચાલો—ભક્તો જન ઉમંગે
ભક્તો જન ઉમંગે. ગુણ ગાઈએ રમ રંગે. દરશન.
માત તું દયાળી, બહુચર બળ ધારી.
સુખ કરવા વાળી. જગત જંજાલી.
ધ્યાન ધરૂં હું ઉમંગે. સ્હાય કરો રસ રંગે
દરશન કરો.

પ૨૯
~

૧૭

તારી ભક્તીની પ્રીતી લાગી રે અલબેલી અંબા
તારી ભક્તીની પ્રીતિ.
આખી ભવની ભાવટ ભાંગીરે, અલબેલી અંબા
તારી.
જગત જંજાલ છોડી. જીવ આપ ચરણે જોડી
હું તો આવ્યો છું દોડી દોડી રે
અલબેલી અંબા
દરસન કરીએ ભવ દુઃખ હરીએ.
ધ્યાન સદા ધરીએ રે.
અલબેલી અંબા તારા.
દાસ મંગળ કહે ભવ સાગર તરવા
રાત દીવસ ભજન ધુન લાગી રે
અલબેલી અંબા તારી માયાની.

૧૮

અરે આ ભકતોનો પોકાર મજી વાડે ચડોરે
કહું હું કરગરી લાખો વાર. દુઃખ ભકતોના હરોરે
દુખીઓ આ દાસ બીચારો. રોજ .... રડે
માતા તમ વીણુ દુખીયાના સંકટ...... . ... કોણુ હરે
અંબા સતી મા ભગવતી કૃપા કરજો તુજવતી
સોકને દુખ આવે છતા ભકતી કદીના છોડતાં તુજપર પ્રીતી
ઘડી દુખ.ઘડી સુખ એવી જગતની છે રીતી.
ધીરજ ધરો ભાઇ મારા.
સહાય થાસે મા અંબા સતી. અરે.

૧૯

ઢાળ

ઓરણુ પેરણુ લીલા ચરણાં જમતા વેહેલા થાયરેમા
પ્રાત કાળે દરશન દોછો દીસો નાના બાળ
ધન ધન આરાસુરની રાણી અંબા ચાર જુગમાં જાગી ધન ધન
પાવાની પટરાણી અંબા ચાર જુગમાં જાગી.
સોના કેરો છત્ર બીરાજે દશે આગળીએ વેઢરેમાં
મધ્યાને તો દરશન દોછો દીસો છો આધેડ ધન ધન.
ધન ધન પાવાની પટરાણી
સાયંકાળે થાય આરતી વાગે ગરદન છંદરેમા—સાયંનકાળે
દરશન દોછો પધડે અંગ ધન ધન.
સેવા કરે બ્રમાણી ઓ સકો સરખે જાયરેમા
કરજોડીને કરે વીનંતી દાસ અંબાઈ દાસ ધન. ધન.

૨૦

આ તારા દરશન પ્યારા નયને નીરખતાં રે
શાન્તી પામ્યું છે મન મારૂ રે મૈયાં—આ તારા.
જગના ઝઘડામાંથી આપ બચાવો રે
ધન્ય ઘડી માત ધારૂં રે આજે—આ તારા.
ભગતી ભગવની કેરી કરતાં હમેશાં રે
થવાનું ત્વરાએ સુખ ગારૂં રે મૈયાં —આ તારા.
દાસ મંગળની અરજ સ્વીકારશો રે
શાંન્તી કરોને સહુને સારૂં રે મૈયાં —આં તારા.

૨૧

જય જય સૃષ્ટી માહી માતાનો હજો
અચલ સુખ અચલ સુખ માજી આપસો
મા........ તા.........જી.........રે
સુખ આપજો હા હા દુખ કાપજો. જય જય.

૨૨

ત્રણ દરવાજાવાળી મા ભદ્ર તું કાળી દીસો છો બાળી સેવકને સંભાળ.
મહા દુઃખીઆરો શરણે આવ્યો છે મા ગુણ તમારા ગાય
સંકટ સમુદ્રમાં ડુબું છું મા બહાર કાઢોને પકડી બાંયરે,
માને નાકે છે વાળી મા તું હાથે લે તાળી દીસો છો બાળી.–સેવક–૧
જગત જનેતા કહેવાઓ છો માજી જગતનું હિત ચહાનાર,
મરણ શય્યામાંથી તમે ઉગારો, મા અમૃત રસ પાનાર રે
બાજુબંધ બેરખાવાળી આંખ અણીઆળી દીસો છો બાળી–સેવક–૨
પ્રેમ ધરી માત મને પુજે છે તેની પુરો છો આશ.
કરજોડી કાલાવાલા કરે છે મા ચીમન તમારો દાસરે,
ઝાંઝ તારવાવાળી સિંહ અસવારી, દીસો છો બાળી.—સેવક—૩

૨૨

માતા ભદ્રકાળી ભવદુઃખ તારણીરે
તારા સેવકને સુખ સદા આપતીરે,
પાપીજનોની પાંખ તું તો કાપતીરે—માતા.
મારા દ્વારે જે આવીને વીરામશેરે.
તે તો નવા નવા સુખ પામશેરે.
માજી તારા પ્રેમી ભક્તો ગુણ ગાય છે રે.
દાસ મંગળ તમ ચરણે ચીત સ્થાપ છે રે.—માતા.

૨૪

પરભાતીઉ.

આનંદર આનંદર મહાકાળી માતનું
જેને મુનીવર મુનીવર શીશ નામે.
ધ્યાન શીવજી ધરે વિસ્નુ સેવા કરે.
માતનો પાર બ્રહ્મા ન પામે.
આદ્ય બ્રહ્માણી રૂદ્રાણી, મહાલક્ષ્મી.
વેદ વીખ્યાત નવખંડ જાણી.
રીદ્ધ સીદ્ધ હાથની કાપે પાતક કણી.
માત ત્રીભુવન ધણી આંબે રાણી.
આદ્ય જોગેશ્વરી માત ત્રીપુરેશ્વરી.
આદ્ય માહેશ્વરી સુખદાઈ.
દાતા છે શક્તિ મા ભક્ત ને મુક્તની
જાણી પોતાના તણો સે નીભાવી.
દુષ્ટ સંહારન્યો દૈત્યદળ મારણી.
ભક્તજન તારણી અંબાય માતા.
દાસ ગંગળની રાખ્ય સાક્ષાત ધણી.
ભક્તોતણા સુખ સાતા.

૨૫

સાતવાર.

સેવક આદીતવારે આદ્ય બ્રહ્માણી માતારે
જો કળીયુગમાં પ્રખ્યાત સુખના દાતારે
સેવક સોમે સુખને શુધ સૌને આપ્યારે
કોટી જનમના પાપ દયા કરી કાપ્યાંરે

સેવક મંગળ વારે માત છે અલબેલીરે
દરશન કરીને થાય આનંદ હેલીરે
સેવક બુદ્ધ બહુ બળવંત મત સમરીએરે
ગુરનીશ દેવીનું ધ્યાન રૂદેમાં ધરીએરે
સેવક ગુરૂએ સરવે દેવ આવી નમતારે
ચોસઠ જોગણી સંગ માજી રમતારે
માજી શુક્રવારે શાંત મનડું કરજો રે
આ સેવકના દુખડાં સરવે હરજોરે
સેવક શનીશ્વરે સૌ સાથ ઉમંગે જઈએરે
નમી માતુને બહુ વાર શીશ નમાવીએરે
જે સપ્તવારનો છંદ પ્રેમથી ગાસેરે
દાસ મંગળ કહે સૌ દુખ તેના જાસેરે


૨૬

પ્રણામ પ્રણામ પ્રણામ
માતુ આપને પ્રણામ.
રજા લઇને આપની અમે જઇએ મુકામ,
પરીપુર્ણ થઇ અમ ઉપર તું મલીનતાને કાપ
આ સેવક તારા શરણે ઉભા,
પ્રસાદ તારા આપ
અહોનીસ તનથી જેણે શેવા તારી કીધ.
માજી રદાય થઈ તે ઉપર બુદ્ધી રૂડી દીધ.
અલ્પ ગ્નાની સેવક હું છું. તારો બાળ.
કરી કૃપા તું સાચી દેવી સૌની લે સંભાળ.

જાહેર ખબર.

વાંચો વાંચો

☞ આ શું સે માગુ દીવેલે આટલું બધું અંધેર



અમારા સદ્‌ગ્રહસ્થોને વિનંતી સાથે ખબર આપવામાં આવે છે કે અમારી દુકાને કીટસન લાઈટ ૩૦૦૦ કેન્ડલ પાવરની વીજળી જેવા ઝગઝગાટ લાઈટો ભાડે તથા વેચાતી કીફાયત ભાવે મળશે તથા બગડેલી લાઈટો દુરસ્ત કરી આપવામાં આવશે.

તે સીવાય વરઘોડામાં ફેરવવાની તથા નાચ તથા મીજલસ વીગેરે વાપરવા લાયક કીટસન લાઈટ ભાડે આપવામાં આવશે.

હમારે ત્યાં ખાસ વીલાયતી કીટસન લાઈટો છે માટે એકવાર આપ ખાતરી કરો.

બીજુ મનહર—મોહીની નામની નોવેલ રમુજી ફારસ સાથે ભાગ ૧-૨-૩ છપાય છે.

મળવાનું ઠેકાણું—[illegible]દાસ લક્ષ્મીચંદ.

[illegible]